કર્મચારી રાજ્ય વીમા નિગમ
(શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકાર)
कर्मचारी राज्य बीमा निगम
(श्रम एवं रोजगार मंत्रालय, भारत सरकार)
EMPLOYEES' STATE INSURANCE CORPORATION
(Ministry of Labour & Employment, Govt. of India)
क.रा.बी.नि.
ESIC

सत्यमेव जयते

પ્રાદેશિક કચેરી / क्षेत्रीय कार्यालय / Regional Office
પંચદીપ ભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ, ગુજરાત - ૩૮૦ ૦૦૯
पंचदीप भवन, आश्रम मार्ग, अहमदाबाद, गुजरात - 380 009
Panchdeep Bhavan, Ashram Road, Ahmedabad, Gujarat - 380009
Phone : 079-27582400/450, E-mail : rd-gujrat@esic.gov.in
Website : www.esic.gov.in / www.esic.in

તારીખ : 25/09/2024

# પ્રેસ નોટ

**વિષય: પ્રાદેશિક કાર્યાલય, કર્મચારી રાજ્ય વીમા નિગમ, અમદાવાદ ખાતે "ફીટ ઈન્ડિયા" થીમ સાથે મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું .**

મહાત્મા ગાંધીને તેમની જયંતિ પર શ્રદ્ધાંજલિ આપવા માટે 2 ઓક્ટોબરને સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સ્વચ્છતા હી સેવા 2024 અભિયાન 17મી સપ્ટેમ્બર થી 2જી ઓક્ટોબર, 2024 દરમિયાન પ્રાદેશિક કચેરી, અમદાવાદ ખાતે 'સ્વભાવ સ્વચ્છતા – સંસ્કાર સ્વચ્છતા' થીમ સાથે ઉજવવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે, 25/09/2024 ના રોજ પ્રાદેશિક કાર્યાલય,ક.રા.વી.નિગમ, અમદાવાદ ખાતે સાબરમતી રિવરફ્રન્ટ પર "ફીટ ઈન્ડિયા" થીમ સાથે લગભગ 05 કિમીની મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું . આ મેરેથોન દોડનું ઉદ્‌ઘાટન શ્રી હેમંતકુમાર પાંડે, પ્રાદેશિક નિયામક (ઈન્ચાર્જ) એ કર્યું હતું. શ્રી ગૌતમ કુમાર, નાયબ નિયામક, શ્રી પી.એન. પરમાર, નાયબ નિયામક, શ્રી જી.ટી. મંડોરા, નાયબ નિયામક, શ્રી સંત કુમાર પાંડે, મદદનીશ નિયામક, શ્રી રોહિત ચંદ દીપ, મદદનીશ નિયામક, શ્રી વૈભવ, મદદનીશ નિયામક, શ્રી નિખિલ કુમાર, મદદનીશ નિયામક, શ્રી મૃગેન્દ્ર કુમાર, મદદનીશ નિયામક, અને મોટી સંખ્યામાં આ દોડમાં અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે સંબોધિત કરતા, શ્રી હેમંત કુમાર પાંડે, ઝોનલ ઓફિસર (ઈન્ચાર્જ) જણાવ્યું હતું કે આ દોડ જીવનની પ્રગતિશીલ વૃદ્ધિ દર્શાવે છે. આ ઉપરાંત સ્વચ્છતા અને સ્વસ્થ શૈલી સાથે જીવન જીવવાનો સંદેશ આપે છે કે આપણે સૌએ સંકલ્પ લેવો જોઈએ . આપણે સ્વચ્છતાનું સન્માન કરીએ અને આપણી જવાબદારીઓ પ્રત્યે સમર્પિત રહીએ.

**- પ્રાદેશિક નિયામક (ઈન્ચાર્જ)**